# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# AMRELI CM LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી ખાતેથી ૨૯૨ કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. અમરેલીને ૪૨.૪૮ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક બસપોર્ટની અને ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે રાજમહેલના નવીનીકરણની પણ મુખ્યમંત્રીએ ભેટ આપી હતી. જેમા રાજ્ય સરકાર દ્વારા ૨૭ કરોડ રૂપિયાના ખર્ચે નાવલી નદી પર રિવરફ્રન્ટ, સાંસ બંદર પર ૭૫ કરોડ રૂપિયાના ખર્ચે બ્રિજ, આંબરડી પાર્કને વિકસાવવા ૨૭ કરોડ રૂપિયા, લાઠી સિવિલ હોસ્પિટલ માટે ૫૦ કરોડ, જિલ્લાકક્ષાના સ્પોર્ટ્સ સંકૂલના પ્રથમ તબક્કા માટે ૧૩ કરોડ, રાજમહેલ માટે ૨૫ કરોડ રૂપિયા , સહિતના કાર્યોનો સમાવેશ થાય છે..

મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં સ્વચ્છાગ્રહને જીવનનો સ્વભાવ બનાવી ગામ-નગર સાથે રાજ્યને સ્વચ્છ અને સુંદર બનાવવાની પણ નાગરિકોને અપીલ કરી હતી..

-----------------------------

# VP – DAMAN VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે છે. ઉપરાષ્ટ્રપતિની આ કેન્દ્રશાસિત પ્રદેશની પ્રથમ મુલાકાત હશે.

આજે એરપોર્ટ પર દમણના પ્રશાસક પ્રફુલ પટેલે તેમનું સ્વાગત કર્યું હતું. અહીં તેમણે જામપોર દરિયા પાસે પક્ષીઘરનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે 2.40 હેક્ટરમાં ફેલાયેલા આ પક્ષી અભ્યારણની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રની મુલાકાત લીધી.

આવતીકાલે શ્રી ધનખડ સિલ્વાસા, દાદરા અને નગર હવેલીમાં નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની મુલાકાત લેશે, જ્યાં તેઓ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો સાથે વાર્તાલાપ કરશે. તેઓ ડોકમરડી ઓડિટોરિયમ ખાતે વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર દ્વારા આયોજિત જાહેર કાર્યક્રમમાં પણ હાજરી આપશે.

. . . . . . . . . . . . .

## AMBAJI SAFAI

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીના મહામેળામાં સ્વચ્છ પર્યાવરણ યાત્રા' અભિયાન હેઠળ સ્વયંસેવકો દ્વારા પદયાત્રાના માર્ગો પરથી અત્યાર સુધીમાં અંદાજે ૭૩ ટનથી વધુ કચરો એકત્રિત કરાયો હતો આગામી ૩૦ સપ્ટેમ્બર સુધી કચરો એકત્રિત કરાશે..આ પદયાત્રામાં અંદાજે ૭૪ હજાર ૮૦૦ ખાલી પ્લાસ્ટીક બોટલની સામે ૫ હજાર સ્ટીલની બોટલો અપાઈ હતી..

દર વર્ષની જેમ આ વર્ષે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા "અંબાજી પદયાત્રા- સ્વચ્છ પર્યાવરણ યાત્રાનું આયોજન ગુજરાત ડાઇસ્ટફ

મેન્યુફેક્ચર્સ એસોશીએશન તથા નેપ્રા ફાઉન્ડેશનના સંકલન સાથે કરાયું હતું... ૧૨૦ જેટલા સ્વચ્છતા સેનાનીઓ સાથેની આ સ્વચ્છ પર્યાવરણ યાત્રાનું પ્રસ્થાન. ૧૨ સપ્ટેમ્બરના રોજ વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરા તેમજ રાજ્ય મંત્રી મુકેશ પટેલે કરાવ્યુ હતું...

.................

## *MODI 3.0 - HEALTH 100 DAYS*

**નરેન્દ્ર મોદી સરકારે તેની ત્રીજી મુદતનાં પ્રથમ 100 દિવસ પૂર્ણ કર્યા છે. આ સમયગાળામાં સરકારે આરોગ્ય ક્ષેત્રનું માળખું વધુ મજબૂત કર્યું છે અને અનેક યોજનાઓ શરૂ કરી છે. અમારા પ્રતિનિધી જણાવે છે કે, આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ 70 વર્ષથી વધુ વયનાં તમામ વરિષ્ઠ નાગરિકોને આવકનાં કોઈ બાધ વિના પાંચ લાખ રૂપિયાનો આરોગ્ય વીમો પૂરો પાડવામાં આવશે. આ યોજના પાછળ ત્રણ હજાર 437 કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે, જેનો લાભ છ કરોડ વરિષ્ઠ નાગરિકોને થશે. આ ઉપરાંત, મેડિકલ કોલેજમાં 75 હજાર વધારાની બેઠકો ઉમેરવામાં આવી છે. સરકારે દેશમાં કેન્સરનાં 27 લાખ દર્દીઓ માટે કેન્સરની ત્રણ દવાઓ પરની કસ્ટમ્સ ડ્યુટી હટાવી દીધી છે.**

----------------------------

# Poshan Mah-Panchmahal

રાજ્યમાં પોષણ માસની ઉજવણી ચાલી રહી છે ત્યારે પંચમહાલ જિલ્લામાં 'સહી પોષણ દેશ રોશન' અંતર્ગત પોષણ અને આરોગ્ય અંગે લોકોમાં જાગૃતતા લાવવા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઇ છે.

પંચમહાલ જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ સંયુક્ત બાળ વિકાસ સેવા વિભાગ દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે માતાઓને પોષણ માસ અંતર્ગત માર્ગદર્શન અપાયું હતું. જેમાં ટેક હોમ રાશનનો વધુમાં વધુ ઉપયોગ, બાળકના જન્મના એક કલાકમાં ધાવણ આપવાનું મહત્વ, બાળક 6 માસનું થાય ત્યાં સુધી ફક્ત સ્તનપાન કરાવવા બાબત, સગર્ભા અને ધાત્રિ માતાઓએ રોજિંદા જીવનમાં કઠોળ અને લીલા પાંદડાવાળા શાકભાજીનો વધુમાં વધુ ઉપયોગ કરવો, પોતાના રોજિંદા ખોરાકમાં પૂર્ણા શક્તિ અને માતૃશક્તિના પેકેટનો વધુમાં વધુ ઉપયોગ કરવો વગેરે બાબતોની માહિતી આપવામાં આવી હતી.

------------------------

# STATE-HOCKEY

રાજકોટમાં રાજ્યકક્ષાની જવાહરલાલ નેહરુ સબ જુનિયર હોકી સ્પર્ધામાં આજથી અંડર - 17 મહિલા હોકી સ્પર્ધા યોજાશે, જેમાં રાજ્યભરમાંથી 20 જેટલી ટીમ ભાગ લેશે. 24 સપ્ટેમ્બર સુધી મહિલા હોકી મેચ રમાશે.

દરમ્યાન અંડર – 15 બોય્ઝ શ્રેણીમાં ગઈકાલે દાહોદ તેમ જ અમરેલી જિલ્લાની ટીમ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી.. જેમાં દાહોદની ટીમે 5 – 1 થી અમરેલી સામે જીત મેળવી છે. જ્યારે અરવલ્લીની ટીમ ત્રીજા સ્થાને આવી છે. દાહોદની અંડર – 15 બોય્ઝ ટીમ હવે રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

---------------

## Chhota Udepur- Yuva Utsav 2024

રાજ્યના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉપક્રમે છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી દ્વારા એસ.એફ.હાઇસ્કુલ ખાતે 'જિલ્લા કક્ષા યુવા ઉત્સવ-2024' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લાની વિવિધ શાળા કોલેજના 294 જેટલા વિદ્યાર્થીઓએ 33 જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ રાજય કક્ષાના કાર્યક્રમ માટે પસંદગી પામશે.

-----------